## <u>ફોર્મ–એ</u>

**<u>એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, પાટણ, મું.રાધનપુર.</u>**

**શ્રી આર.આર.ચૌધરી, એડી. સેશન્સ જજ.**

**(સેશન્સ કેસ નં.૪૬/૨૦૧૮)**
**(ચૂકાદાની તારીખઃ ૩૦/૦૩/૨૦૨૬)**
**આંકઃ– ૧૬૧**

**(એફ.આઈ.આર.ની વિગત, ગુન્હો અને પોલીસ સ્ટેશન)**
રાધનપુર પોલીસ સ્ટેશન પ્રથમ બાતમી નં.૧૦૦/૨૦૧૫

**ગુન્હોઃ–**ઈ.પી.કો. કલમઃ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ.

**પોલીસ સ્ટેશનઃ–** રાધનપુર પોલીસ સ્ટેશન

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત (મુળ ફરીયાદી રાણાભાઈ કરશનભાઈ આહીર)) |
| સરકાર તરફે વકીલશ્રી | વિ.એ.પી.પી.શ્રીજે.ડી.ઠક્કર, એમ.ડી.પંડ્યા, એસ.કે.પટેલ |
| આરોપીઓ | (૧) રાવળ સુરેશભાઈ બચુભાઈ, ઉ.વ.આ.૨૪,<br>(૨) રાવળ રાજુ ઉર્ફે ઢાલી બચુભાઈ, ઉ.વ.આ.૨૭,<br>(૩) રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીયદ મલુભાઈ, ઉ.વ.આ.૩૨, **(એબેટ)**<br>(૪) રાવળ શૈલેષભાઈ ઝેણાભાઈ, ઉ.વ.આ.૨૨, |
| આરોપી તરફે વિ.વકીલશ્રી | વિ.વ.શ્રીપી.એ.રાણા, એચ.એ.ચૌધરી, ડી.સી.ઠક્કર, પી.એન.ઝાલા |

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૩/૧૦/૨૦૧૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૪/૧૦/૨૦૧૫ |
| કેસ કમીટ થયા તારીખ | ૨૯/૦૪/૨૦૧૬ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૨૦/૦૨/૨૦૧૭ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૧૪/૧૦/૨૦૧૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૫/૦૫/૨૦૧૭ |
| ચૂકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | આખરી હુકમ મુજબ |

## –આરોપીની વિગત–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્ત કરવામાં આવેલ હોય તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | સી.આર.પી.સી. ની કલમ– ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવાં સમય દરમિયાન કોટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | રાવળ સુરેશભાઈ બચુભાઈ | ૧૮/૦૧/ ૨૦૧૬ | ૧૮/૦૩/ ૨૦૧૬ | ઈ.પી.કો. કલમઃ– ૧૪૭, ૧૪૮, ૧૪૯ , ૩૦૭, ૫૦૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ. | નિર્દોષ છોડવામાં આવ્યાં | આખરી હુકમ મુજબ | |
| (૨) | રાવળ રાજુ ઉર્ફે ઢાલી બચુભાઈ | ૧૮/૦૧/ ૨૦૧૬ | ૦૪/૦૨/ ૨૦૧૬ | | | | |
| (૩) | રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીયદ મલુભાઈ **(એબેટ)** | ૦૮/૧૨/ ૨૦૧૫ | – | | | | |
| (૪) | રાવળ શૈલેષભાઈ ઝેણાભાઈ | ૧૮/૦૧/ ૨૦૧૬ | ૦૪/૦૨/ ૨૦૧૬ | | | | |

**ફોર્મ–સી**

**ફરીયાદપક્ષના સાહેદોનું લીસ્ટ**

| અનું.નં. | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | લક્ષ્મણભાઈ ભીમાભાઈ | પંચ | ૩૧ |
| ૨ | મોમજીભાઈ કાનજીભાઈ ઠાકોર | પંચ | ૩૩ |
| ૩ | મહેબુબભાઈ જુમાભાઈ સીપાઈ | પંચ | ૭૭ |
| ૪ | હબીબખાન દુધાજી જત | પંચ | ૮૧ |
| ૫ | રમેશભાઈ ગોરધનભાઈ પંડયા | પંચ | ૮૨ |
| ૬ | વજાભાઈ ભગવાનભાઈ રાવળ | પંચ | ૮૫ |
| ૭ | અરજણભાઈ મોહનભાઈ ઠાકોર | પંચ | ૮૭ |
| ૮ | શંકરભાઈ ધરમશીભાઈ ચૌધરી | પંચ | ૯૨ |
| ૯ | ડો.અરવિંદભાઈ ગાંડાભાઈ ચૌધરી | સા.મેડી.ઓ | ૧૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ડો.દિલીપકુમાર કેશવલાલ ઠકકર | સા.મેડી.ઓ | ૧૦૮ |
| ૧૧ | રૂસ્તમભાઈ અહેમદભાઈ ઘાંચી | પંચ | ૧૧૨ |
| ૧૨ | ગોકળભાઈ વાલાભાઈ રબારી | પંચ | ૧૧૪ |
| ૧૩ | ડો.નિશીથ બળદેવભાઈ પટેલ | સા.મેડી.ઓ | ૧૨૮ |
| ૧૪ | જગદીશભારથી અમૃતભારથી ગૌસ્વામી | પો.સાહેદ | ૧૩૨ |
| ૧૫ | જીતેન્દ્રકુમાર ભાથીભાઈ ચૌધરી | પો.સાહેદ | ૧૩૭ |
| ૧૬ | ભોજાભાઈ રાણાભાઈ આહીર | સાહેદ | ૧૪૪ |
| ૧૭ | પ્રતાપજી બાજુજી ઠાકોર | સાહેદ | ૧૪૬ |
| ૧૮ | ગોવિંદભાઈ નાગદાન આહીર | સાહેદ | ૧૪૭ |
| ૧૯ | રણજીતસિંહ પ્રતાપસિંહ ઝાલા | પો.સાહેદ | ૧૪૯ |

## ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવોઃ–

| અનુ.ન. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૦ | આરોપી સુરેશ બચુભાઈ–રાજુ બચુભાઈ અને શૈલેષ જેણાભાઈની શરીરસ્થિતીનું પંચનામું |
| ૨ | ૧૪ | મેડી.ઓફી.ને ઈજા પામનારના બ્લડ સેમ્પલ લેવા કરેલ યાદી |
| ૩ | ૧૫ | એફ.એસ.એલ.ને મુદામાલ મોકલી આપવા કરેલ યાદી |
| ૪ | ૧૬ | રવાનગી નોંધ |
| ૫ | ૧૭ | એફ.એસ.એલ.નો મુદામાલ મળ્યાની પાવતી |
| ૬ | ૧૮ | રવાનગી નોંધ |
| ૭ | ૧૯ | એફ.એસ.એલ.ને મુદામાલ મળ્યાની પાવતી |
| ૮ | ૨૦ | મોબાઈલ એફ.એસ.એલ.વાનનો પ્રાથમીક અહેવાલ |
| ૯ | ૨૧ | ડી.ડી.લાવે એકઝી.મેજી.મહેસાણાને પો.સ.ઈ. જે.બી.ચૌધરીએ કરેલ યાદી |
| ૧૦ | ૩૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

| | | |
|---|---|---|
| ૧૧ | ૭૮ | ઈજા પામનાર રાણાભાઈના બનાવ વખતે પહેરેલ કપડાં સાહેદ પાચાભાઈ મોતીભાઈ રજુ કરતા કરેલ પંચનામું |
| ૧૨ | ૭૮–૮૦ | પંચસ્લીપો |
| ૧૩ | ૮૩ | આરોપીએ રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીયો મલુભાઈએ મારક હથિયાર ધોકો રજુ કરતા રજુ કરેલ પંચનામું |
| ૧૪ | ૮૪ | પંચસ્લીપ |
| ૧૫ | ૮૮ | આરોપી સુરેશ બચુભાઈ –રાજુ બચુભાઈ અને શૈલેશ જેણાભાઈએ મારક હથિયાર રજુ કરેલ પંચનામું |
| ૧૬ | ૮૯–૯૧ | પંચસ્લીપો |
| ૧૭ | ૧૦૧ | આહીર રાણાભાઈ કરશનભાઈ સી.એચ.સી.રાધનપુરનું મેડી.સર્ટી. |
| ૧૮ | ૧૦૯ | સી.એચ.સી.રાધનપુરની રીફર ચીટ |
| ૧૯ | ૧૧૦ | મેડી.સર્ટીફીકેટ |
| ૨૦ | ૧૧૩ | આરોપી રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીયો મલુભાઈની શરીરસ્થિતીનું પંચનામું |
| ૨૧ | ૧૨૯ | ડો.નીશીથ બી.પટેલ મહેસાણાનું આહીર રાણાભાઈ કરશનભાઈનું મેડ.સર્ટી. |
| ૨૨ | ૧૩૩ | ડેપ્યુટ હુકમ |
| ૨૩ | ૧૩૪ | પી.એસ.ઓ. જગદીશભારથીએ પો.સ.ઈ. જે.બી.ચૌધરીને કરેલ યાદી |
| ૨૪ | ૧૩૫ | વાયરલ મેસેજ |
| ૨૫ | ૧૩૮ | રાણાભાઈ કરશનભાઈ આહીરની ફરીયાદ |
| ૨૬ | ૧૩૯ | પો.સ.ઈ જે.બી.ચૌધરીએ પી.એસ.ઓ.રાધનપુરને ગુનો રજી.કરવા કરેલ હુકમ |
| ૨૭ | ૧૫૦ | હથીયારબંધીનું જાહેરનામું |

## <u>–:ઠ રા વ:–</u>

**<u>ફરીયાદ:–</u>**

**(૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની હકીકત એવી છે કે, ગઈ તા.૧૩/૧૦/૨૦૧૫ ના ક.૧૬/૩૦ ના સુમારે ફરીયાદી શ્રી રાધનપુરથી આશરે ચારેક કિ.મી વારાહી તરફ જતા રોડ ઉપર આવેલ હોટલ ઉપર મોબાઈલ

ફોનમાં વાત કરતા હતા તે વખતે કો.નં.૧, ૨ ના તમો તહોદારોએ તમારો હેતુ પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળી રચી હથિયારો ધારણ કરી ફરીયાદીશ્રી ને તથા તમો તહોદાર નં.૩, ૪ ના એ ફરીયાદી શ્રી ને બરડામાં તથા હાથે પગે માર મારેલ તથા તમો તહોદાર નં.૧ નાએ તમારી પાસેની છરી ફરીયાદીને પેટના ભાગે મારી નાખવાના ઈરાદે મારી ઈજાઓ કરી ગાળો બોલી મે.જીલ્લા મેજી.સા.શ્રી પાટણ નાઓના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે. જેથી ચારેય ઈસમો વિરૂધ્ધ ધોરણસર થવા મારી ફરીયાદ છે'' આમ, ઉપરોકત ફરીયાદ આધારે તા.૧૪/૧૦/૨૦૧૫ ના રોજ રાધનપુર પોલીસ સ્ટેશન ખાતે બનાવ બાબતે ફરીયાદીએ સદર કેસના આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપતા રાધનપુર પોલીસ સ્ટેશન પ્રથમ બાતમી નં.૧૦૦/૨૦૧૫ થી ઈ.પી.કો.કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે.

(૨) સદર ફરીયાદની તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આ ગુનાના આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ–ઈ.પી.કો.કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સાહેબશ્રીની કોર્ટ, રાધનપુર સમક્ષ રજુ કરવામાં આવતા તે ક્રિમિનલ કેસ નં.૧૯૯/૨૦૧૬ થી નોંધવામાં આવેલ.

**<u>કમીટલ કાર્યવાહી</u>**

(૩) આ કામના આરોપીઓ વિદ્વાન એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સાહેબશ્રીની કોર્ટ, રાધનપુર કોર્ટમાં હાજર તથા, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે તેઓના વિનામુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી અને તા.૨૯/૦૪/૨૦૧૬ના રોજ હુકમ કરી

ક્રિમિનલ કેસ નં.૩૧/૨૦૧૬ ને અત્રેની એડીશનલ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નં. ૪૬/૨૦૧૮ થી દાખલ કરવામાં આવેલ.

**<u>તોહમતનામુ–જવાબ</u>**

(૪) ત્યારબાદ આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયેની જોગવાઇઓનુ પાલન કર્યા બાદ આરોપીઓને આંક–૨૫ થી ઈ.પી.કો.કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૪ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલું અને આંક–૨૬, ૨૭, ૨૮ અને ૨૯ થી આરોપીઓનુ નિવેદન લેતા, આરોપીઓએ ગુનો કબુલ નહિ હોવાનું અને કેસ આગળ ચલાવવાનું જણાવતાં, આરોપીઓ સામે ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૫) ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું વર્ણન આ ચુકાદામાં આગળ 'ફોર્મ–સી' ના ફોર્મેટમાં કરેલ છે, જેથી પુરાવાના વર્ણનનું પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે પુરાવાનું વર્ણન કરવામાં આવતુ નથી.

**<u>સી.આર.પી.સી.ની કલમ– ૩૧૩ અન્વયેની કાર્યવાહી</u>**

(૬) ફરીયાદ પક્ષે આંક–૧૬૦ થી કલોઝિંગ પુરસીસ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કર્યા બાદ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. અને આરોપીઓએ તેઓની સામે પડેલ પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, "અમારી ઉપર ખોટો કેસ કરેલ છે.'' તેમજ આરોપીઓએ સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે તથા બચાવના કોઈ સાહેદ તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે.

**<u>બંને પક્ષની દલીલઃ-</u>**

**(૭)** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.પટેલ તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી પી.એન.ઝાલા ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૮)** બંને પક્ષોની દલીલો તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે આરોપીઓ ગઈ તા.૧૩/૧૦/૨૦૧૫ ના ક.૧૬/૩૦ ના સુમારે ફરીયાદીશ્રી રાધનપુરથી આશરે ચારેક કિ.મી વારાહી તરફ જતા રોડ ઉપર કલ્યાણપુરા વાળા બાજુજી ઠાકોરની હોટલ ઉપર મોબાઈલ ફોનમાં વાત કરતા હતા તે વખતે કો.નં.૧, ૨ માં જણાવેલ તહોદારોને ફરીયાદી સાથે બે માસ પહેલા ઝઘડો થયેલ જેની અદાવત રાખી તહોદારોએ પોતાનો હેતુ પાર પાડવા માટે ગે.કા.મંડળી રચી હથિયારો ધારણ કરી છકડામાં બેસી આવી ફરીયાદી શ્રીને તહોદાર નં.૨ નાએ બન્ને પગ ઉપર આડેધડ લાકડીઓ મારેલી તથા તહોદાર નં.૩, ૪ નાએ ફરીયાદી શ્રીને બરડામાં તથા હાથે પગે માર મારેલ તથા તહોદાર નં.૧ નાઓએ તેની પાસેની છરી ફરીયાદીને પેટના ભાગે મારી નાખવાના ઈરાદે મારી ઈજાઓ કરી ગાળો બોલી મે. જીલ્લા મેજી.સી.શ્રી પાટણનાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમઃ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૪ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલ છે?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા ન્યાય નિર્ણયો નીચે મુજબ છેઃ–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## <u>નિર્ણયના કારણો</u>

**<u>મુદ્દા નંબરઃ– ૧, ૨</u>**

**<u>પંચસાહેદોનો પુરાવો:–</u>**

(૧૧) આ કામે ફરીયાદપક્ષે **પંચસાહેદ નં.૧ તરીકે લક્ષ્મણભાઈ ભીમાભાઈને આંક–૩૧, પંચસાહેદ નં.૨ તરીકે મોમજીભાઈ કાનજીભાઈ ઠાકોરને આંક–૩૩, પંચસાહેદ નં.૩ તરીકે મહેબુબભાઈ જુમાભાઈ સીપાઈને આંક–૭૭ તથા પંચસાહેદ નં.૪ તરીકે હબીબખાન દુધાજી જતને આંક–૮૧, પંચસાહેદ નં.૫ તરીકે રમેશભાઈ ગોરધનભાઈ પંડયાને આંક–૮૨, પંચસાહેદ નં.૬ તરીકે વજાભાઈ ભગવાનભાઈ રાવળને આંક–૮૫, પંચસાહેદ નં.૭ તરીકે અરજણભાઈ મોહનભાઈ ઠાકોરને આંક–૮૭, પંચસાહેદ નં.૮ તરીકે શંકરભાઈ ધરમશીભાઈને આંક–૯૨, પંચસાહેદ નં.૧૧ તરીકે રૂસ્તમભાઈ અહેમદભાઈ ઘાંચીને આંક–૧૧૨, પંચસાહેદ નં.૧૨ તરીકે ગોકળભાઈ વાલાભાઈ રબારીને આંક–૧૧૪,** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ, જેથી સદર પંચસાહેદોને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો હોય તેવું જણાઈ આવતું નથી.

<u>**મેડીકલ પુરાવો:-**</u>

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૯ ડો.અરવિંદભાઈ ગાંડાભાઈ ચૌધરીને આંક-૧૦૦** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૩/૧૦/૧૫ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે રાધનપુર રેફરલ હોસ્પીટલ ખાતે તેમની ફરજ પર હાજર હતા ત્યારે આશરે સાંજના સાડા પાંચ વાગે પોલીસ યાદી વગર આહીર રાણાભાઈ કરશનભા,ઉ.વ.૩ર, રહે.પાટણ, તા.રાધનપુર નાઓએ સારવાર અર્થે તેઓની પાસે આવેલ. તેઓએ તેમને પુમને પુછતા હીસ્ટ્રી તેઓએ જણાવેલ કે, સુરેશભાઈ રાવળ, કટીયો મનુભાઈ રાવળ, બચુભાઈ રાવળ નાઓએ છરી પેટ પર મારી આ બનાવ રાજસ્થાન હોટલ કલ્યાણપુરા હોટલ ની પાસે એક કલાક પહેલા બનેલો. આ ઈતિહાસ દર્દીએ જાતે આપેલ. દર્દીની સાથે સગા હાજર હતા. દર્દી સભાન અવસ્થામા અને દર્દીના શ્વાસ અને ધબકાર સામાન્ય હતા.તેઓએ તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. ઈજા નં.૧: સ્ટેબ વુન્ડ, પેટના જમણી સાઈડ જઠર ઉપર હતો. ઘા માંથી આંતરડાનો થોડો ભાગ ઘાની બહાર હતો. જેનુ માપ ૭×૫ સેમી×૧૫ ઉંડાણનુ પેરીટોનીયમ કેવીટી સુધી હતુ. ઈજા.ર:દુખાવા સાથેનો સોજાવાળો ઘા હતો. જે ડાબા પગના મધ્યમા હતો. જે લાલ કલરનો હતો. આકાર વીહોણો હતો.આ ઉપરોકત ઈજાઓ પૈકી ઈજા નં.૧ તીક્ષ્ણ ધારવાળા હથીયાર વડે થઈ શકે થેવી ઈજા નં. ર સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. આ ઈજાઓ તાજી હતી અને દર્દીને થયેલ ઈજાઓ ગંભીર હોવાથી તેઓને વધુ સારવાર અર્થે મહેસાણા સીવીલખાતે રીફર કરેલ. તેઓ **આંક-૧૦૧** થી રજુ આહીર રાણાભાઈ કરશનભાઈ સી.એચ.સી.રાધનપુરનું મેડી.સર્ટીમાં તેમની સહી અને હોદાનો સીકકો ઓળખી બતાવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં. ૪ વાળી એક છરી બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, તેનાથી પ્રમાણપત્રમા વર્ણવેલ

ઈજા નં. ૧ ઈજા થઈ શકે. તેઓને મુદામાલ આર્ટીકલ નં.૫ વાળી લાકડી અને મુદામાલ નં. ૬ વાળો ધોકો બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, તેનાથી પ્રમાણપત્રમા વર્ણવેલ ઈજા નં.૨ થઈ શકે છે.

ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે પ્રોક્ષી વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, સવાલ: ઈજા નં.૧ કેટલા ચૌકકસ સમય પહેલા થઈ શકે તે તેઓ ના કહી શકે? જવાબ: ચૌકકસ સમય ના કહી શકે. એ વાત ખરી છે કે, ઈજા નં .૨ સામાન્ય પ્રકારની ઈજા હતી. એ વાત ખરી નથી કે, ઈજા નં.૧ ને જોતા તેમને એવુ લાગેલ નહી કે બ્લીડીગ થયેલ નથી. એ વાત ખરી નથી કે, મુદામાલ વાળી છરીથી જો ઈજા થાય તો ઉપરથી કપાવાનુ માપ વધુ હોય અને અંદર માપ ઓછુ હોય. સાહેદ જણાવે છે કે, કોઈપણ ઈજાનુ માપ તેના ફોર્સ અને ડાયરેકશન ઉપર આધાર રાખે છે. એ વાત ખરી નથી કે, તેઓએ ઈજા પામનારની સારવાર કરેલી ન કે તેના ઉપરથી તેમને ખબર પડેલી નહી કે કેટલા ફોર્સથી આ ઘા કરવામા આવેલ છે. સાહેદ જણાવે છે કે, ઈજા નં.૧ વધુ ફોર્સ હોય ત્યારે જ ઈજા નં.૧ શકય બને. એ વાત ખરી નથી કે, ઈજા નં.૧ છ થી સાત કલાક પહેલાની છે તેવુ તેમને લાગેલુ. એ વાત ખરી છે કે, દર્દીને જયારે હોસ્પિ.લાવેલ ત્યારે સ્ટ્રેચર ઉપર લાવેલ. એ વાત ખરી નથી કે, જયારે દર્દીને લાવવામા આવેલ ત્યારે તે બેભાન અવસ્થામા હતા. એ વાત ખરી છે કે, તેઓ જયારે દર્દીની સારવાર કરવા માટે ગયા ત્યારે તે બેભાન અવસ્થામા હતા. એ વાત ખરી છે કે, તેઓ જયારે દર્દીની સારવાર કરવા માટે ગયા ત્યારે તે દર્દથી પીડાતો હતો અને કણસતો હતો. એ વાત ખરી છે કે, દર્દી સાથે સગા સંબંધી હાજર હતા. એ વાત ખરી નથી કે, સગા સંબંધીઓને પુછપરછ કરેલી કે કેવી રીતે વાગેલ. એ વાત ખરી નથી કે, તેઓએ દર્દીને આરામ કરવાની સલાહ આપેલ. એ વાત ખરી નથી કે, હીસ્ટ્રી દર્દીના સગા સંબંધીઓ

એ કહેલી. એ વાત ખરી નથી કે, જો અકસ્માત થાય તો ઈજા નં.૧ અને ૨ એક જ સાથે થાય તે શકય છે. એ વાત ખરી છે કે , દર્દી લાવ્યા તેની તેઓએ પોલીસ સ્ટેશનમા વર્ધી લખાવેલી. એ વાત ખરી નથી કે, તેઓ સો.ઉ.ખોટી જુબાની આપે છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૦ ડો.દિલીપકુમાર કેશવલાલ ઠકકરને આંક–૧૦૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ગઈ તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજ તેઓ મહેસાણા જનરલ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન દર્દી રાણાભાઈ કરશનભાઈ આહીર, ઉ.વ.૩૨, રહે.પાટણનાઓ સાંથે ક.૧૯:૧૦ વાગે તેમના સબંધી ધ્વારા સી.એમ.ઓ. સી.એચ.સી. રાધનપુરની રીફર ચીઠી સાથે તેઓની સમક્ષ આવતા તેમણે હીસ્ટ્રી પુછતા જણાવેલ કે, તેઓને આજે બપોરે સાડા ચાર વાગ્યાની આસપાસ રાધનપુર–પીપળી વચ્ચે છરી મારવામાં આવેલી છે મારનારના નામ તરીકે સુરાભાઈ બચુલાલ રાવળ અને અન્ય ત્રણ જણા હતા. દર્દીના પેટ ઉપર ભોકાયેલો ઘા લાલ રંગનો હતો. તેમને જર્નલ સર્જનને આ કેસની જાણ કરવાનુ જણાવેલુ. આ ઈજા ચોવીસ કલાક અંદરની હતી. આ બાબતેનુ દર્દીને તપાસ્યા અંગેનુ સર્ટીફીકેટ આપેલુ. તેઓ આજરોજ તેમની સાથે સી.એચ.સી.રાધનપુરની રીફર ચીટ રજુ કરે છે જેને રજુ દાખલ **આંક–૧૦૯** આપવામાં આવે છે. તેમને માર્ક ૧૦૭/૧ વાળુ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે તેઓએ દર્દીને તપાસ્યા બાદ આપેલુ જેમા તેમના હસ્તાક્ષર છે તથા તેમા તેમની તથા હોદાના સીકકા છે જે તેઓ ઓળખી બતાવે છે. જે રજુ દાખલ **આંક–૧૧૦** આપવામા આવે છે. તેમને મુદામાલ આ.નં.૪

વાળી છરી બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે આ પ્રકારની છરીથી તેઓએ તપાસેલ દર્દીને ઈજા થઈ શકે.

ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે દર્દી તેમની પાસે આવ્યા ત્યારે તે બેહોશ હાલતમાં હતા. એ વાત ખરી છે કે દર્દીની સાથે સગા સંબંધીઓ પણ આવેલા. એ વાત ખરી નથી કે દર્દીની હીસ્ટ્રી તેમના સગા સંબંધીઓએ જાણ કરેલી. એ વાત ખરી નથી કે રીફર ચીટમાં આ દર્દીને શું સારવાર કરેલી તે તેમા લખેલુ હતું. એ વાત ખરી નથી કે દર્દીના ઈજા ઉપર ટાંકા લીધેલા હતા. એ તેઓ ના કહી શકે કે દર્દીને તેમની પાસે લાવેલ તે પહેલા તેની સારવાર કરવામાં આવેલ હતી કે કેમ. તેમને હાલ યાદ નથી કે, જયારે તેઓએ દર્દીને જોયા ત્યારે તેની તપાસણી કરેલ તેના પરથી તેઓ કહી શકે કે દર્દીની સારવાર થયેલ હતી કે કેમ. એ વાત ખરી છે કે દર્દીના પલ્સ અને બી.પી. તેઓએ માપેલા અને તે પ્રમાણપત્રમાં નોંધેલ નહી. એ વાત ખરી નથી કે દર્દીને થયેલ ઈજાઓ કેટલા સમય પહેલા થઈ હશે તે તેઓ કહી શકે નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચોવીસ કલાકની અંદર થયેલ હતી. એ વાત ખરી નથી કે દર્દીને ઈજા થયેલ હતી તે વાહન અકસ્માતમાં થઈ શકે. એ વાત ખરી નથી કે તેઓએ દર્દીને પહેલી વખત જોયેલ ત્યારે તે વોર્ડમા સુતો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓના ટ્રોમામા આવેલ હતો. એ વાત ખરી છે કે દર્દીને ઘા સીધો મારવામાં આવેલો કે હાથ ઉગામીને મારવામાં આવેલ તે તેઓ કહી શકે નહી. એ વાત ખરી નથી કે તેમને જે મુદામાલ વાળી છરી બતાવવામા આવે છે તેનાથી દર્દીને થયેલ ઈજા શકય નથી. એ વાત ખરી છે કે તેઓ કહી શકે નહી કે દર્દીનો ઘા કેટલો ઉંડો હતો. કોર્ટ ધ્વારા પ્રશ્ન. સવાલ: આપે ઈજાનું માપ શું કામ લીધુ નથી? જવાબ: ઓમેન્ટમ વુન્ડની બહાર હતુ અને દર્દીને સખત દુખાવો હતો તેથી માપ લીધેલ

નહી અને સોનોગ્રાફી અને સર્જીકલ ઓપીનીયન માટે અમદાવાદ રીફર કરવામાં આવેલા. વિ.એ.પી.પી.શ્રીને પ્રશ્ન પુછવા બાબતે જણાવતા તેઓએ ના પાડેલ છે. બચાવપક્ષના વિ.વ.શ્રીને પ્રશ્ન પુછવા બાબતે જણાવતા તેઓએ ના પાડેલ છે.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૩ ડો.નિશીથ બળદેવભાઈ પટેલને આંક–૧૨૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૧૪ થી મહેસાણા મુકામે હેત્વી સર્જીકલ હોસ્પિટલ નામથી તેઓ પ્રાઈવેટ હોસ્પિટલ ચલાવે છે. તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજ રાણાભાઈ કરશનભાઈ આહીર, ઉ.વ.આ.૩૨ વાળા પોલીસ ચાદી વગર તેઓની પાસે સારવાર માટે આવેલા. તેઓ તેમની પાસે સારવાર માટે આવેલા ત્યારે સંપૂર્ણ ભાનમા હતા અને તેમને પેટમાં દુખાવો, ઉલટી અને જે જગ્યાએ ઈજા થયેલ હતી તે ભાગમાં થી લોહી આવતું હતું. દર્દીએ જાતે ઈતિહાસ આપેલ કે, તેમને ચપ્પુ વાગવાથી ઈજા થયેલ છે.દર્દીને તપાસતા નીચે મુજબની ઈજા જણાયેલી. **ઈજા નં.૧** –પેટની જમણી બાજુ નાભી પાસે ૩ સે.મી.લાંબો ભોકાયેલો એક ઘા હતો અને તેમાથી પેટના ઓમેન્ટમ બહાર આવેલ હતા અને તેમાથી લોહી આવતુ હતુ. તેઓએ આ દર્દીની સારવારમાં તેમની ઈજાના ભાગે ઓપરેશન કરેલું. ઓપરેશન દરમ્યાન આશરે ૧.૨ લીટર લોહી પેટમાં હતુ, અવયવો જોતા તેઓને પેટને લોહી પુરુ પાડતી મીઝેન્ટ્રીમા ઈજા હતી જે તેઓએ ઓપરેશન કરી રીપેર કરેલી. આ દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરી તેઓએ સારવાર આપેલી અને તેઓને તા. ૨૧/૧૦/૧૫ ના રોજ રજા આપવામાં આવેલી. તેઓએ આ દર્દીની સારવાર કર્યા અંગનું પોલીસને સર્ટીફીકેટ આપેલું. તેમને ની.૬/૧૩ વાળુ સર્ટીફીકેટ બતાવવામા આવે છે જે તેઓએ દર્દીને તપાસ્યા

બાદ આપેલુ જેમા તેમના હસ્તાક્ષર છે તથા તેમા તેમની સહી તથા હોદાનો સીકકો છે જે તેઓ ઓળખી બતાવે છે જે રજુ દાખલ **આંક-૧૨૯** આપવામાં આવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં.૪, માર્ક-ઈ વાળી છરી બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે આ મુદામાલની છરીથી ઈજા પામનારને જે ઈજા હતી તે ઈજા થઈ શકે. દર્દીને જે ઈજા હતી તે કુદરતના સામાન્ય ક્રમમા મોત નિપજાવી શકે તેવી હતી.

ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે દર્દીને કેટલા વાગે લઈને આવેલા તે સમયનો ઉલ્લેખ પ્રમાણપત્રમા કરેલ નથી. એ વાત ખરી છે કે તેઓએ આપેલ પ્રમાણપત્રમાં રકતચાપ અને પલ્સ કેટલો હતો તે આંકડામાં લખેલ નથી. સાહેદ જણાવે છે કે હીમોડાયનેમીકલી સ્ટેબલ હતા તેવો ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી નથી કે કોઈ ધારદાર વસ્તુથી કોઈ માણસ ટકરાય તો સર્ટીફીકેટમાં જણાવ્યા મુજબની ઈજા થઈ શકે. એ તેઓ કહી શકે નહી કે દર્દી તેમની પાસે આવ્યા તે પહેલા બીજી જગ્યાએ સારવાર લઈને આવેલા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જો બીજી જગ્યાએ સારવાર લીધેલ હોય તો ઘા ઉપર ડ્રેસીંગ કરેલ હોય અને બાટલો ચડાવેલ હોય તેની સોય નાખેલ હોય. તે વાત ખરી છે કે દર્દીને આ એક ઈજા સીવાય બીજી કોઈ અન્ય ઈજા ન હતી. એ વાત ખરી છે કે આવી ઈજામા યોગ્ય સમયસર સારવાર મળી રહે તો દર્દીનું મોત ન નીપજે.

<u>**પોલીસ સાહેદોનો પુરાવો:-**</u>

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૪ જગદીશભારથી અમૃતભારથી ગૌસ્વામીને આંક-૧૩૨** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં જણાવેલ

છે કે, તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૩/૧૦/૧૫ ના રોજ તેઓ રાધનપુર પો.સ્ટે.પી.એસ.ઓ. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન કલાક:૧૭–૩૦ વાગે રાધનપુર રેફરલ હોસ્પિટલમાં ડો.શ્રી અરવિંદભાઈ ચૌધરીનાઓએ ટેલીફોનથી વર્ધી આપેલ કે, દર્દી નામે રાણાભાઈ કરશનભાઈ આહીર, રહે. પાટણ, તા.સાંતલપુર વાળાને મારામારીમાં ઈજા થતા પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર સારૂ લાયન્સ હોસ્પિટલ મહેસાણા રીફર કરેલ છે તો તેઓનુ નિવેદન તથા ડી.ડી. લેવડાવવા આગળની કાર્યવાહી કરશો. જે મતલબની ટેલીફોન વર્ધી આવતા તે ટેલીફોન આવક અનુ.નં.૩૪૦/૨૦૧૫ થી નોંધી લીધેલ અને તે આધારે રાધનપુર પો.સ્ટે. ના પો.સ.ઈ.શ્રી જે.બી. ચૌધરીનાઓને ઈજા પામનારનુ નિવેદન લેવા બાબતે લેખિતમાં યાદી આપેલ. ત્યારબાદ પો.સ.ઈ.શ્રી જે.બી.ચૌધરીનાઓએ મહેસાણા જઈ ઈજા પામનાર રાણાભાઈ કરશનભાઈ આહીરની ફરીયાદ તેમના રૂબરૂની લઈ આવી ગુનો દાખલ થવા સારૂ લેખિત હુકમથી તેઓને સોપતા તેઓએ તે ફરીયાદ વંચાણે લઈ તે આધારે રાધનપુર પો.સ્ટે.મા. ફ.ગુ.રજી.નં.૧૦૦/૨૦૧૫ થી ઈ.પી.કો. કલમ–૩૦૭, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુનો તા.૧૪/૧૦/૨૦૧૫ ના કલાક: ૦૩–૪૫ વાગે દાખલ કરી આગળની તપાસ લેખિત હુકમથી પી.આઈ.શ્રી આર.પી.ઝાલાનાઓને સોપેલી. તેમને ની.૬/૧ બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે કે, તે અસલ ડેપ્યુટ હુકમ છે જેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૩૩** આપવામાં આવે છે. તેમને ની.૬/૨ બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે કે, તે ટેલીફોન વર્ધી આધારે ઈજા પામનારનુ નિવેદન લેવા બાબતે પો.સ.ઈ.શ્રી જે.બી.ચૌધરીનાઓને લખેલ યાદી છે જેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૩૪** આપવામા આવે છે. તેમને ની.૬/૫ બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે

કે, ગુનો બન્યા બાબતે પો.અધિ.શ્રી પાટણનાઓને વાયરલેસ મેસેજથી જાણ કરેલ તે મેસેજની સ્થળપ્રત છે જેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૩૫** આપવામા આવે છે.

ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, લેખિત ફરીયાદ મુજબની નિયત નમુનામા ફરીયાદ નોંધી ગુનાની તપાસ ડેપ્યુટ કરી તે સિવાય તપાસ બાબતની કોઈ કાર્યવાહી તેઓએ કરેલ નથી.

(૧૬) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૫ જીતેન્દ્રકુમાર ભાથીભાઈ ચૌધરીને આંક–૧૩૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, ગત ઓકટોબર ૨૦૧૫ મા તેઓ રાધનપુર પો.સ્ટે.મા પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજ તેઓને પી.એસ.ઓ. રાધનપુર નાઓએ ફરીયાદ લેવા જવા બાબતનો હુકમ કરેલ.તેમને આંક–૧૩૪ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, તે ફરીયાદ લેવા માટે પી.એસ.ઓ. ધ્વારા કરવામાં આવેલ રીપોર્ટ છે. જેઅનુસંધાને તેઓ મહેસાણા ખાતે જઈ સારવાર લઈ રહેલ ફરીયાદી રાણાભાઈ કરશનભાઈ આહીર નાઓના લખાવ્યા મુજબની તેઓના રૂબરૂની ફરીયાદ લખી લઈ તે ફરીયાદમાં તેઓની સહી મેળવેલી. તેમને નીશાની ૬/૪ થી રજુ થયેલ ફરીયાદીની ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, તેમાં ફરીયાદીની સહી છે તથા તેમની રૂબરૂ તરીકે સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૩૮** આપવામાં આવે છે. તેઓએ આ ફરીયાદ ગુનો દાખલ થવા માટે રીપોર્ટ સાથે મોકલી આપેલી હતી. તેમને નીશાની ૬/૩ થી રજુ થયેલ આ રીપોર્ટ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે,તેમાં તેમની સહી છે જે તેઓ

ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૩૯** આપવામાં આવે છે.તપાસના કામે પી.આઈ.શ્રી. આર.પી.ઝાલા નાઓએ આરોપી રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીયો મલુભાઈનાઓની અટક કરી તેઓની મેડીકલ તપાસણી કરાવવા માટે તેઓને સોપાતા તેઓએ તેમને મેડીકલ તપાસણી માટે લઈ ગયેલ અને આ આરોપીને નામ.કોર્ટમા સમય મર્યાદાની અંદર રજુ કરેલ. આ આરોપીને જોયેથી તેઓ ઓળખી શકે. જે આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી.

ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, ફરીયાદીએ લખાવ્યા મુજબની ફરીયાદ તેઓએ લખેલ નથી અને તેમની રીતે ખોટી ફરીયાદ ઉપજાવી કાઢી લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, આ ગુના સબબ તેઓએ ફરીયાદ નોંધ્યા સિવાય કોઈ અન્ય કામગીરી કરેલ નથી. એ વાત ખરી નથી કે, તેમના ઉપરી અધિકારીના દબાણમા તેઓ સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૯ રણજીતસિંહ પ્રતાપસિંહ ઝાલાને આંક–૧૪૯** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા. ૧૪/૧૦/૨૦૧૫ ના રોજ તેઓ પો.ઈન્સ. તરીકે રાધનપુર પો.સ્ટે. ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી.એસ.ઓ.શ્રી રાધનપુર નાઓએ આ ગુનાની તપાસ લેખિત હુકમથી તેઓને સોપતા તપાસ તેઓએ સંભાળી લીધેલ. બાદ ગુનાવાળી જગ્યાએ ગયેલા અને નજીકમાથી બે પંચોના માણસો બાોલાવી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીઓની તપાસ કરતા આરોપી રાવળ પ્રભુભાઈ કટીયો મળી આવતા તેઓને પો.સ્ટે. લાવી તેમની પુછપરછ કરી તેમની શરીર

સ્થિતીનુ પંચનામુ પંચો રૂબરૂ કરેલ તેમજ તેઓને આ ગુનાના કામે અટક કરેલા અને તેઓએ ગુનાના કામે વાપરેલ મારક હથિયાર તેમની સ્વેચ્છાએ રજુ કરતા પંચોની હાજરીમા વિગતવાર પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ. તેમજ આરોપીને સમય મર્યાદામા નામ.કોર્ટમા રજુ કરેલ. બાદ તપાસ કરતા આરોપી રાવળ સુરેશ બચુભાઈ, રાજુ બચુભાઈ અને રાજેશ જેણાભાઈ નાઓ મળી આવતા તેઓને પો.સ્ટે. લાવી તેમની પુછપરછ કરી તેમની શરીરસ્થિતીનુ પંચનામુ પંચો રૂબરૂ કરેલ તેમજ તેઓને આ ગુનાના કામે અટક કરેલા અને તેઓએ ગુનાના કામે વાપરેલ મારક હથિયાર તેમની સ્વેચ્છાએ રજુ કરતા પંચોની હાજરીમા વિગતવાર પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલ. તેમજ સમય મર્યાદામા આરોપીઓને નામ.કોર્ટમા રજુ કરેલા. આ કામે ઈજા પામનાર સાહેદનુ સારવાર સર્ટી મેળવી કામમા સામેલ રાખેલ. તપાસ દરમ્યાન કબજે લીધેલ મુદ્દામાલ રવાનગી નોંધ ભરી એફ.એસ.એલ. અમદાવાદ તરફ મોકલી આપેલ. આ કામે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ ભરી નામ.કોર્ટમા મોકલી આપેલ. તેઓએ આ કામે અટક કરેલ આરોપીઓ પૈકી રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીયો મલુભાઈ સિવાય બાકીના ત્રણેય આરોપીઓ આજરોજ નામ.કોર્ટમા હાજર છે જેઓને ઓળખી બતાવે છે. તેઓએ આ કામે તપાસ દરમ્યાન કબજે લીધેલ મુદ્દામાલ તેમને બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે કે, તેઓએ તપાસ દરમ્યાન કબજે લીધેલ તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓએ આ કામે તપાસ દરમ્યાન સાહેદ ભોજાભાઈ રાણાભાઈ આહીરનુ નિવેદન તા.૧૪/૧૦/૨૦૧૫ ના રોજ લીધેલુ જેમા તેઓએ તેમની રૂબરૂ પોતાના નિવેદનમા એવી હકીકત લખાવેલ હતી કે, '' ગઈ તા–૧૩/૧૦/૨૦૧૫ ના રોજ સવાર ના આશરે સાડા અગિયાર વાગ્યે સુમારે તેઓ તથા તેમના ગામ ના આહિર ગોવિદભાઈ નાગદાનભાઈ તથા આહિરમાધવભાઈ ઉર્ફે માદેવભાઈ ખોડાભાઈ નાઓ તેમની અલ્ટો ગાડી લઈ રાધનપુર નવરાત્રી માટે સીરીજો તથા પતાકડા લેવા માટે નિકળેલા અને અમો

સિધાડા થઈ વારાહી આવેલા દરમિયાન વારાહી પુલ નીચે તેમના ગામ ના રાણાભાઈ કરશનભાઈ આહિર નાઓ ઉભેલ હતા અને તેઓએ તેઓએ કહેલ કે તમો કયા જાઓ છો જેથી તેઓએ તેમને કહેલ કે તેઓ રાધનપુર નવરાત્રી માટે સીરીજો તેમજ પતાકડા લેવા માટે જઈએ છીએ જેથી રાણાભાઈ એ તેઓને કહેલ કે તેમને રાધનપુર કામ છે તેમને રાધનપુર આવવું છે જેથી તેમનીઅલ્ટો ગાડી માં રાણાભાઈ બેસી ગયેલા અને તેઓ ચારેય જણા રાધનપુર આવેલા અને રાણાભાઈ રાધનપુર ચાર રસ્તા ઉતરી ગયેલા અને તેઓએ તેમને કહેલ કેતારે પાછુ આવવું હોય તો માનસી ગેરેજે તેઓ ઉભો રહેજે તેમ કહી અમો ત્રણેય જણા રાધનપુર બજાર ગયેલા અને રાધનપુર બજાર માંથી નવરાત્રી માટે સીરિજો વિગેરે ની ખરીદી કરી તેઓ ત્રણેય જણા તેમની અલ્ટો ગાડી લઈ રાધનપુર માનસી મોટર પરત ગયેલા અને ત્યાં તેમના ગામ ના રાણાભાઈ ઉભેલ હતા અને તેઓને લઈ તેઓ તેમની અલ્ટો ગાડી લઈ પાટણ જવા માટે નિકળેલા. તેઓ ચારેય જણા રાધનપુર થી આશરે ચારેક કિ.મી દુર વારાહી તરફ જતા કલ્યાણપુરા પાટીયાથી થોડેક આગળ ઠાકોર બાજુજી ની હોટલે તેઓચા–પીવા માટે ઉભા રહેલા અને ચા પાણી કરી તેઓ નિકળતા હતા ત્યારે તેઓતથા આહિર ગોંવિદભાઈ નાગદાનભાઈ તથા આહિર માધવભાઈ ઉર્ફે માદેવભાઈ ખોડાભાઈ તેઓ ત્રણેય ગાડી માં બેસી ગયેલા અને તેમની સાથે ના રાણાભાઈ કરશનભાઈ આહિર નાઓ નીચે ઉભા રહી પોતાના ફોન માંથી બીજાને ફોન માં વાત કરતા કરતા તેમનાથી આશરે દસેક ફુટે દુર હતા ત્યારે રાધનપુર તરફથી એક છકડો આવેલો અને તે છકડા માં આશરે છ થી સાત જેટલા માણસો હતા અને તે છકડા રાણાભાઈ થી થોડેક દુર ઉભો રહેલો અને પ્રથમ છકડા ના ડ્રાઈવર લાકડી લઈ નીચે ઉતરેલા અને તેઓએ તેમના હાથ માંની લાકડી રાણાભાઈને ખભાના ભાગે મારેલી જેથી રાણાભાઈ નીચે પડી ગયેલા અને ત્યાર બાદ છકડા માંથી બીજા બધા માણસો પોતાના હાથમાં લાકડીઓ, છરીઓલઈ નીચે ઉતરેલા અને રાણાભાઈને માર મારવા લાગેલા ત્યારે રાણાભાઈ કટીયા તેમને છોડી દો

તેમનો વાંક નથી તેવી બુમ પાડતા હતા અને ત્યાર બાદ રાણાભાઈ ઉભા થઈ હોટલ ના પાર્લર માં જતા રહેલ જેથી આ બધા લોકો તેની પાછળ પાછળ પાર્લર માં માર મારવા માટે ગયેલા અને ત્યાં આ ઈસમો પૈકિ એક ઈસમે રાણાભાઈ ને જમણી બાજુ પેટના ભાગે છરી મારેલુ અને રાણાભાઈ બુમાબુમ કરતા તેઓ ત્રણેય છોડાવવા માટે ગયેલા. આ માર મારનાર ઈસમોને સમજાવી ત્યાંથી કાઢેલ જેથી તેઓ તેમનો છકડો લઈ રાધનપુર તરફ ગયેલા છકડાને નંબર લખેલ ન હતો. અને તેઓ તેમની અલ્ટો ગાડીમાં રાણાભાઈને સારવાર માટે રાધનપુર રેફરલ હોસ્પીટલ સારવારમાટે લાવતા હતા ત્યારે રાણાભાઈએ તેઓને રસ્તામાં વાત કરેલ કે તેમને મારવામાં રાજુ ઉર્ફે ઢાલી બચુંં રાવળે તેમના બંન્ને પગ ઉપર લાકડીઓ મારેલ તથા કટીયો માલાભાઈ રાવળે ધોકા વડે તથા શૈલેષભાઈ જેણાભાઈ રાવળે ધોકા વડે તેમને બરડામાં તથા હાથ-પગે માર મારેલ તેમજ સુરેશ બચુ રાવળે તેની કેડમાંથી છરી કાઢી તેમને પેટના ભાગે મારેલ અને બીજા બે ઈસમો પણ સાથે હતા આવી વાત તેમને કરેલી અને ત્યારબાદ તેઓ આ રાણાભાઈને સારવાર માટે રાધનપુર સરકારી હોસ્પીટલમાં લાવેલા અને ત્યાં સારવાર કરાવી ડોકટર શ્રી એ મહેસાણા રીફર કરેલા જેથી અમારી સાથેના આહીર ગોવિંદભાઈ નાગદાનભાઈ તેમજવાલાભાઈ અજાભાઈ આહીર રહે-બન્ને પાટણ વાળાઓ સરકારી એમ્યુલન્સ લઈ મહેસાણા સારવાર માટે ગયેલા તેઓએ તેમના ફોનમાંથી આ વાલાભાઈ અજાભાઈ આહીરને બનાવની વાત કરેલી અને તેઓ રાધનપુર હોઈ તેઓ પણ આવી ગયેલા અને રાણાભાઈની સાથે ગયેલા. અને ત્યારબાદ તેઓ તથા માધવભાઈ ઉર્ફે માદેવભાઈ ખોડાભાઈ બન્ને જણાઓ તેમની ઓલ્ટો ગાડી લઈ ઘરે ગયેલા. આ બનાવ આશરે સાડા ચારેક વાગ્યાના સુમારે રાધનપુર થી આશરે ચારેક કિ.મી દુર વારાહી તરફ જતા કલ્યાણપુરા વાળા બાજુજી ઠાકોરની શ્યામ શેખાવત ઢાબા હોટલે બનેલ છે જે બનાવ તેઓએ તેમની નજર સમક્ષ જોયેલછે. તેઓએ આ કામે તપાસ દરમ્યાન સાહેદ

પ્રતાપજીબાજુજી ઠાકોરનુ નિવેદન તા.૧૪/૧૦/૨૦૧૫ ના રોજ લીધેલુ જેમા તેઓએ તેમની રૂબરૂ તેઓના નિવેદનમાં એવી હકીકત લખાવેલી હતી કે, ગઈ તા.૧૩/૧૦/૧૫ ના રોજ સાંજના આશરે સાડા ચારેક વાગ્યાના સુમારે તેઓ તેમની હોટલ ઉપર હાજર હતા તે દરમ્યાન હોટલે એક અલ્ટો ગાડી આવેલ જેમા ચાર માણસો હતા અને તે તેમની હોટલ ઉપરચા–પાણી કરી નીકળતા હતા, ત્યારે રાણાભાઈ કરશનભાઈ આહીર નાઓએ પોતાના ફોન ઉપર વાત કરતા કરતા અલ્ટો ગાડીથી આશરે દસેક ફુટ દૂર હતા અને તેમની સાથેના બીજા પણ માણસો અલ્ટો ગાડીમા બેઠેલ હતા ત્યારે રાધનપુર તરફથી એક છકડો આવેલો અને તેમા છ–સાત માણસો હતા અને તે છકડો રાણાભાઈની બાજુમા ઉભો રહેલ અને પ્રથમ છકડાના ડ્રાઈવર નીચે ઉતરેલા અને રાણાભાઈને લાકડી મારેલ અને ત્યારબાદ આ છકડામાથી બીજા માણસો નીચે ઉતરી રાણાભાઈને માર મારવા લાગેલા, જેથી તેઓ બીકના માર્યા તેમની હોટલ છોડી પાછળ ખેતરોમા નાસી ગયેલા અને આ બનાવ અંગે તેઓએ પોતાના પિતાને વાત કરેલ. આ માર મારવા વાળા માણસો કોણ હતા તેની તેમને ખબર નથી અને તે તેમને ઓળખતો પણ નથી.થોડીવાર પછી હોટલ ઉપર આવેલોતો આ માર મારવાવાળા ઈસમો પણ હાજર ન હતા કે તેમનો છકડો પણ હાજર ન હતો અને રાણાભાઈ અને તેમની સાથેના અલ્ટો ગાડી લઈને આવેલા માણસો પણ હાજર ન હતા. ત્યારબાદ તેમને વાતો વાતોથી જાણવા મળેલ કે, આ રાણાભાઈ કરશનભાઈ આહીર ફોન ઉપર વાત કરતા હતા ત્યારે તેમને લાકડી, ધોકા તેમજ છરીથી માર મારેલ તે માણસોમા સુરેશભાઈ બચુભાઈ રાવળ, રાજુભાઈ ઉર્ફે ઢાલી બચુ તથા શૈલેષભાઈ જેણાભાઈ રાવળ, ત્રણેય રહે.મોટી પીંપળી તેમજ કટીયો મલાભાઈ રાવળ મુળ રહે.અરજણસર તથા બીજા બે ઈસમો હતા. તેઓએ આ કામે તપાસ દરમ્યાન સાહેદ ગોવિંદભાઈ નાગદાનભાઈ આહીરનુ નિવેદન તા.૧૫/૧૦/૨૦૧૫ ના રોજ

લીધેલુ જેમા તેઓએ તેમની રૂબરૂ તેમના નિવેદનમા એવી હકીકત લખાવેલ હતી કે,ગઈ તા–૧૩/૧૦/૨૦૧૫ ના રોજ સવાર ના આશરે સાડા અગિયાર વાગ્યે સુમારે તેઓ તથા તેમના ગામ ના આહિર ભોજાભાઈ રાણાભાઈ ભુરાભાઈ તથા આહિર માધવભાઈ ઉર્ફે માદેવભાઈ ખોડાભાઈ નાઓ ભોજાભાઈ રાણાભાઈ આહીર ની અલ્ટો ગાડી લઈ રાધનપુર નવરાત્રી માટે સીરીજો તથા પતાકડા લેવા માટેનિકળેલા અને તેઓ સિધાડા થઈ વારાહી આવેલા દરમિયાન વારાહી પુલ નીચે તેમના ગામ ના રાણાભાઈ કરશનભાઈ આહિર નાઓ ઉભેલ હતા અને તેઓએ તેમને કહેલ કે તેઓ કયા જાઓ છો જેથી તેઓએ તેમને કહેલ કે તેઓ રાધનપુર નવરાત્રી માટે સીરીજો તેમજ પતાકડા લેવા માટે જઈએ છીએ જેથી રાણાભાઈ એ તેમને કહેલ કે તેઓને રાધનપુર કામ છે તેમને રાધનપુર આવવું છે જેથી તેમની અલ્ટો ગાડીમાં રાણાભાઈ બેસી ગયેલા અને તેઓ ચારેય જણા રાધનપુર આવેલા અને રાણાભાઈ રાધનપુર ચાર રસ્તા ઉતરી ગયેલા અને તેમની સાથે ના ભોજાભાઈ એ તેમને કહેલ કે તેઓને પાછુ આવવું હોય તો માનસી ગેરેજે તેઓ ઉભા રહેજે તેમ કહી તેઓ ત્રણેય જણારાધનપુર બજાર ગયેલા. રાધનપુર બજાર માંથી નવરાત્રી માટે સીરિજો વિગેરે ની ખરીદી કરી તેઓ ત્રણેય જણા અલ્ટો ગાડી લઈ રાધનપુર માનસી મોટર પરત ગયેલા અને ત્યાં તેમના ગામના રાણાભાઈ ઉભેલ હતા અને તેઓને તેઓએ અલ્ટો ગાડી બેસાડી પાટણ જવા માટે નિકળેલા અને તેઓ ચારેય જણા રાધનપુર થી આશરે ચારેક કિ.મી દુર વારાહી તરફ જતા કલ્યાણપુરા પાટીયાથી થોડેક આગળ ઠાકોર બાજુજી ની હોટલે તેઓ ચા– પીવા માટે ઉભા રહેલા અને ચા પાણી કરી તેઓ નિકળતા હતા ત્યારે તે તથા આહિર ભોજાભાઈ રાણાભાઈ ભુરાભાઈ તથા આહિર માધવભાઈ ઉર્ફે માદેવભાઈ ખોડાભાઈ તેઓ ત્રણેય ગાડીમાં બેસી ગયેલા અને તેમની સાથે ના રાણાભાઈ કરશનભાઈ આહિર નાઓ નીચે ઉભા રહી પોતાના ફોન માંથી બીજાને ફોનમાં વાત કરતા કરતા તેમનાથી આશરે દસેક ફુટ દુર

હતા ત્યારે રાધનપુર તરફથી એક છકડો આવેલો અને તે છકડા માં આશરે છ થી સાત જેટલા માણસો હતા અને તે છકડો રાણાભાઈ થી થોડેક દુર ઉભો રહેલો અને પ્રથમ છકડા ના ડ્રાઈવર લાકડી લઈ નીચે ઉતરેલા અને તેઓએ તેમના હાથ માંની લાકડી રાણાભાઈને ખભાના ભાગે મારેલી જેથી રાણાભાઈ નીચે પડી ગયેલા અને ત્યાર બાદ છકડા માંથી બીજા બધા માણસો પોતાના હાથમાં ધોકાઓ, છરીઓ લઈ નીચે ઉતરેલા અને રાણાભાઈ ને માર મારવા લાગેલા ત્યારે રાણાભાઈ કટીયા તેઓને છોડીદો  તેમનો વાંકનથી તેવી બુમ પાડતા હતા અને ત્યાર બાદ રાણાભાઈ ઉભા થઈ હોટલ ના પાર્લર માં જતા રહેલ જેથી આ બધા લોકો તેની પાછળ પાછળ પાર્લર માં માર મારવા માટે ગયેલા અને ત્યાં આઈસમો પૈકિ એક ઈસમે રાણાભાઈ ને જમણી બાજુ પેટના ભાગે છરી મારેલ અને રાણાભાઈ બુમાબુમ કરતા તેઓ ત્રણેય છોડાવવા માટે ગયેલા અને આ મારમારનાર ઈસમો ને સમજાવી ત્યાંથી કાઢેલ જેથી તેઓ પોતાનો છકડો લઈ રાધનપુર તરફ ગયેલા છકડાને નંબર લખેલ ન હતો. તેઓ તેમની અલ્ટો ગાડી માં રાણાભાઈ ને સારવાર માટે રાધનપુર રેફરલ હોસ્પીટલ સારવાર માટે લાવતા હતા ત્યારે રાણાભાઈ એ તેઓ ને રસ્તા મા વાત કરેલ કે તેમને મારવા માં રાજુ ઉર્ફે ઢાલી બચુ રાવળે તેમના બન્ને પગ ઉપર લાકડીઓ મારેલ તથા કટીયો મલાભાઈ રાવળે ધોકા વડે તથા શૈલેષભાઈ જેણાભાઈ રાવળે ધોકા વડે તેમને બરડામાં તથા હાથ–પગે માર મારેલ તેમજ સુરેશ બચુ રાવળે તેની કેડમાંથી છરી કાઢી તેમને પેટના ભાગે મારેલ અને બીજી, ઈસમો પણ સાથે હતા આવી વાત તેમને કરેલી અને ત્યાર બાદ તેઓ આ રાણાભાઈ ને સારવાર માટે રાધનપુર સરકારી હોસ્પીટલમાં લાવેલા અને ત્યાં સારવાર કરાવી ડોકટર શ્રી એ મહેસાણા રીફર કરેલા. તેથી તેઓની સાથે ના ભોજાભાઈ રાણાભાઈ ભુરાભાઈ આહીરે તેમના ફોનમાંથી તેઓના ગામના વાલાભાઈ અજાભાઈ આહીર ને બનાવની વાત કરેલી અને તેઓ રાધનપુર હોઈ તેઓ પણ આવી ગયેલા એટલે તેઓ તેમજ વાલાભાઈ અજાભાઈ આહીર રહે.પાટણવાળાઓ સરકારી એમબ્યુલન્સ લઈ રાણાભાઈ

કરશનભાઈ આહીર ને મહેસાણા સરકારી હોસ્પીટલ માં સારવાર માટે લઈ ગયેલા અને તેઓ મહેસાણા સરકારી હોસ્પીટલ માં રાણાભાઈ ની સારવાર કરાવેલ અને ત્યાં ફરજ પરના ડોકટર શ્રી એ અમદાવાદ સરકારી હોસ્પીટલમાં રીફર કરતા તેઓ રાણભાઈને હેત્વી હોસ્પીટલમહેસાણામાં વધુ સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં હાજર ડોકટર શ્રી નિશીથ બી. પટેલ સાહેબે આશરે રાત ના સાડા નવેક વાગ્યે રાણાભાઈ ને ઓપરેશન ચાલુ કરેલ અને રાત ના સાડા બારેક વાગ્યા ના સુમારે ઓપરેશન પુરુ થતા તેમજ રાણાભાઈના બીજા મિત્રો દવાખાને આવતા તેઓ તથા તેમની સાથે ના વાલાભાઈ અજાભાઈ આહીર બન્ને જણા એક મિત્ર ની બોલેરો ગાડી લઈ ઘરે આવેલા આ બનાવ આશરે સડા ચારેક વગયા ના સુમારે રાધનપુર થી આશરે ચારેક કિ.મી દુર વારાહી તરફ જતાકલ્યાણપુરા વાળા બાજુજી ઠાકોર ની શ્યામ શેખાવત ઢાબા હોટલે બનેલ છે જે બનાવ તેઓએ તેમની નજર સમક્ષ જોયેલ છે.તેમને આંક–૩૨ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક–૭૮ થી રજુ થયેલ ઈજા પામનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ, આંક–૧૧૩ થી રજુ થયેલ આરોપી રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીયોની શરીરસ્થિતીનુ પંચનામુ, આંક–૮૩ થી રજુ થયેલ આરોપી રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીયોનાએ રજુ કરેલ મારક હથિયાર ધોકો રજુ કર્યા અંગેનુ પંચનામુ, આંક–૮૮ થી આરોપીઓએ રજુ કરેલ મારક હથિયાર રજુ કર્યા અંગેનુ પંચનામુ બતાવવામા આવે છે જે તમામ પંચનામા તેઓએ પંચોની હાજરીમા પંચોનાલખાવ્યા મુજબ લખી લીધેલા છે અને તેમા પંચોએ તેમની રૂબરૂમા તેઓની સહીઓ કરેલી અને રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને નિશાની–૬/૨૨ થી રજુ થયેલ હથિયાર બંધીનુ જાહેરનામુ બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે કે, તે પાટણ જીલ્લા મેજીસ્ટ્રેટ ધ્વારા બહાર પાડેલ જાહેરનામાની નકલ છે અને તેઓએ આ કામમા સામેલ રાખેલ તે જ છે જેન તેઓ ઓળખી બતાવે છે. જેને કામમા રજુ દાખલ **આક–૧૫૦** આપવામા આવે છે.

ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, કહેવાતા ગુનાવાળી જગ્યાનું પંચનામું સ્થળ ઉપર જઈને કરેલ નથી પરંતું તેઓએ પો.સ્ટે.બેસીને જાતે લખી લીધેલુ અને પાછળથી તેમા પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે, તપાસના કામે સાહેદોના નિવેદન તેઓએ પો.સ્ટે.માં બેસીને ફરિયાદીની ફરિયાદ અનુરૂપ તેમની રીતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, ઈજા પામનારના કોઈ કપડા રજુ કરેલ ન હોવા છતા તપાસની વ્યવસ્થાના ભાગરૂપે તેઓએ તેમની રીતે ખોટા કપડા ઉભા કરીને તેમની રીતે પંચનામુ લખી તેમા પાછળથી પંચોની સહીઓ કરાવેલ છે. એ વાત ખરી નથી કે, તપાસના કામે હથિયારો કબજે કર્યા અંગેનું પંચનામું તેઓએ તેમની રીતે ખોટુ લખેલ છે અને ખોટા હથિયારો ઉભા કરી કબજે કરેલ છે અને તેમા પાછળથી પંચોની સહીઓ લીધેલ છે. એ વાત ખરી નથી કે, તેમની તપાસમા એવી હકીકત ખુલેલી કે ઈજા પામનાર વ્યકિતઓને થયેલ ઈજા આરોપીઓએ કરેલ જ નથી કે, તેઓ કહે છે તેવુ કોઈ જાહેરનામુ જે તે સમયે પ્રસિધ્ધ કરવામા આવેલ જ ન હતુ. એ વાત ખરી નથી કે, આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે અને ખોટી રીતે અટક કરેલ છે. એ વાત ખરી નથી કે, તેમની તપાસને સમર્થન આપવા સોગંઘ ઉપર ખોટી જુબાની આપે છે.

<u>સાહેદોનો પુરાવો:–</u>

**(૧૮)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૬ તરીકે ભોજાભાઈ રાણાભાઈ આહીરને આંક–૧૪૪, સાહેદ નં.૧૭ તરીકે પ્રતાપજી બાજુજી ઠાકોરને આંક–૧૪૬ તથા સાહેદ નં.૧૮ તરીકે ગોવિંદભાઈ નાગદાન આહીરને આંક–૧૪૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. અને તેઓએ પોતાના સોગંદ

ઉપરના પુરાવાની સરતપાસમાં ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ, જેથી સદર સાહેદોને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો હોય તેવું જણાઈ આવતું નથી.

**<u>નિષ્કર્ષ:-</u>**

**(૧૯)** આ કામે મેડીકલ પુરાવાના સાહેદ નં.૯ તરીકે ડો.અરવિંદભાઈ ગાંડાભાઈ ચૌધરીને આંક-૧૦૦, સાહેદ નં.૧૦ તરીકે ડો.દિલીપકુમાર કેશવલાલ ઠક્કરને આંક-૧૦૮ તથા સાહેદ નં.૧૩ તરીકે ડો.નિશીથ બળદેવભાઈ પટેલને આંક-૧૨૮ થી તપાસવામાં આવેલ છે. આમ,આ ડોકટર સાહેદોએ તેમણે કરેલ શારીરીક તપાસણી મુજબનો પુરાવો આપેલ છે. પરંતુ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન કરતા પુરાવા મળી આવેલ નથી. આમ, આ પુરાવો વંચાણે લેતા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવા નીકળી આવતા નથી.

વધુમાં, આ કામે પોલીસ સાહેદ નં.૧૪ તરીકે જગદીશભારથી અમૃતભારથી ગૌસ્વામીને આંક-૧૩૨, સાહેદ નં.૧૫ તરીકે જીતેન્દ્રકુમાર ભાથીભાઈ ચૌધરીને આંક-૧૩૭, તથા સાહેદ નં.૧૯ તરીકે રણજીતસિંહ પ્રતાપસિંહ ઝાલાને આંક-૧૪૯ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને અનુરૂપ હકીકતો પોતાના પુરાવામાં જણાવેલ છે. જેમાં સાહેદ રણજીતસિંહ પ્રતાપસિંહ ઝાલાનાઓએ તેમની જુબાનીમાં તેઓએ તપાસ દરમ્યાન સાહેદ ભોજાભાઈ રાણાભાઈ

આહીર, સાહેદ પ્રતાપજી બાજુજી ઠાકોર અને સાહેદ ગોવિંદભાઈ નાગદાન આહીરનું મહત્વપુર્ણ નિવેદન નોધ્યું હતું. જેમાં આ તમામ સાહેદો ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ હતું. પરંતું આ તમામ સાહેદો તેમના કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરીગયેલ હોવાથી તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. જેથી સદર સાહેદો, પંચસાહેદો, પો.સાહેદો તથા મેડી.ઓફીસરોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન મળતું ન હોય ત્યારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં, આ કામે હથિયારબંધીનું જાહેરનામુ આંક–૧૫૦ થી રજુ થયેલ છે, પરંતુ આ જાહેરનામાની જાહેર જગ્યાએ યોગ્ય રીતે પ્રસિદ્ધિ કરાવેલ હતી અને તેની આરોપીઓને જાણ હતી તેવો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને આંક–૮૩ અને ૮૮ થી રજુ થયેલ મારક હથિયાર કબજે કર્યાનું પંચનામું પુરવાર થયેલ નથી અને આ કામના તપાસવામાં આવેલ ફરીયાદી, ઈજાપામનાર મહત્વના સાહેદોએ આરોપી હાથમાં હથિયાર ધારણ કરી આવેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી આરોપીએ બનાવ વખતે જાહેરમાં હથિયાર ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલાનું પણ ફરીયાદપત્ર નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

**(૨૦)** આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાની ચર્ચા તેમજ મુલ્યાંકન કર્યા મુજબ, આ કામના આરોપી વિરૂદ્ધ મુકવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચર્ચા તેમજ મુલ્યાંકન કર્યા મુજબ ફરીયાદની હકીકતે આ કામના આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ ઈ.પી.કો.

કલમઃ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ મુજબના ગુનાના આક્ષેપો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોઈ, આ કામના આરોપીને હાલના ગુનાના કામે દોષિત ઠરાવી શકાય નહિ. જેથી **મુદ્દા નં. ૧** નો નિર્ણય '**નકારમાં**' ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરવામાવવામાં આવે છે.

## –:હુ ક મ :–

**(૧)** આ કામના આરોપીઓ નં.(૧) રાવળ સુરેશભાઈ બચુભાઈ, ઉ.વ.આ.૨૪, (૨) રાવળ રાજુ ઉર્ફે ઢાલી બચુભાઈ, ઉ.વ.આ.૨૭, (૩) રાવળ પ્રભુભાઈ ઉર્ફે કટીચદ મલુભાઈ, ઉ.વ.આ.૩૨, **(એબેટ),** (૪) રાવળ શૈલેષ ભાઈ ઝેણાભાઈ, ઉ.વ.આ.૨૨, રહે.નં.(૧),(૨),(૪) મોટીપીપળી ગામની સીમ, રીલાયન્સ પેટ્રોલપંચની સામે, નં.૩ રહે. રાધનપુર રવિધામ, તા.રાધનપુર, જી.પાટણવાળાઓને ઈ.પી.કો. કલમઃ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનામાં **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો છે.

**(૨)** આ કામે કબજે લેવામાં આવેલ કિમતી મુદ્દામાલ ખરાઈ કર્યા બાદ તેના માલિકને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે અથવા તો અગાઉ જો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો તથા બિન કિંમતી કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો આથી હુકમ  કરવામાં આવે છે.

**(૩)** આ કામના આરોપી દ્વારા ચાલુ ટ્રાયલ દરમિયાન કરી આપેલ જામીનખત તથા જાત મુચરકો આથી રદ કરવામાં આવે છે.

**(૪)** આ કામના પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબના રૂા. ૧૫,૦૦૦/– (અંકેરૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સદ્ધર જામીન દિન–૭ માં રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ **૩૦** મી, માહે–**માર્ચ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૩૦/૦૩/૨૦૨૬
પાટણ, મુ.રાધનપુર

**(રાજકુમાર રામસિંહ ચૌધરી)**
કોડ નં. જીજે–૦૧૫૧૨
એડીશનલ સેશન્સ જજ,
પાટણ, મુ. રાધનપુર.